## ગુજરાતના રાજકારણના મોભી અને લોકનેતા

# કેશુબાપા : વિરલ વ્યક્તિત્વની વિદાય

## રાજકોટ નગરપાલિકાથી જાહેર જીવનની યાત્રાનો પ્રારંભ કરી રાજયના મુખ્યમંત્રી પદને શોભાવનાર પુરુષાર્થ પુરુષ કેશુબાપા ભાજપના ભિષ્મ પિતામહ હતા







**૨ ગુંડાઓને પડકારવાની હિંમત કેશુભાઈની રાજકીય કારકિર્દી ઘડવામાં નિર્ણાયક બની**

- કેશુભાઈએ લતિફને પરચો બતાવીને મેળવેલી સફળતા આજના ભાજપની મજબૂતી માટે કારણભૂત ગણાય છે.
- ૧૯૬૦ના દાયકામાં બનેલી એક ઘટના તેમને રાજકીય સ્તરે અમદાવાદ સુધી લઈ જવામાં મોટુ કારણ બની હતી.




સૌરાષ્ટ્રમાં ૨૪મી જુલાઈ ૧૯૨૮માં જન્મેલા કેશુભાઈ પટેલ પહેલીવાર ૧૪મી માર્ચ ૧૯૯૫માં ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા પરંતુ તેમને પાંચ વર્ષની જગ્યાએ માત્ર ૨૦મી ઓક્ટોબર ૧૯૯૫ સુધી રાજ કરવાનો સમય મળ્યો હતો. પાર્ટીના અસંતુષ્ટ નેતાઓએ તેમની સત્તા છીનવી લીધી અને કેશુભાઈએ પહેલીવાર સુરેશ મહેતા માટે ગાદી ખાલી કરી આપી હતી. કેશુભાઈ પટેલ વિધાનસભામાં સતત ૬ વખત, એક વખત લોકસભામાં તેમજ એક વખત રાજ્યસભામાં ચૂંટાઈ આવ્યા હતા. અંત સુધી તેઓએ



સોમનાથ ટ્રસ્ટમાં ચેરમેન તરીકેની ફરજો બજાવી હતી. તેમણે અમદાવાદના ડોન લતિફના તેના હોમગ્રાઉન્ડ એવી પોપટીયાવાડમાં જઈ પડકાર્યો હતો. કેશુભાઈએ અનાજ દળવાની ઘંટી ચલાવવાથી લઈ મુખ્યમંત્રી પદે પહોંચવા સુધી ખૂબ સંઘર્ષ વેઠ્યો હતો. વર્ષ ૧૯૪૩માં નિર્માણ પામેલા મચ્છુ ૧ ડેમના ચણતરકામ દરમિયાન માત્ર ૧૫ વર્ષીય કેશુભાઈ પટેલ ત્યાં અનાજ દળવાની ઘંટી ચલાવતા હતા. જ્યારે અંગત જીવનમાં પણ તેઓને આઘાત પચાવી ગયા હતા. પહેલાં પત્ની અને છેલ્લા ત્રણ વર્ષમાં બે દીકરા પણ ગુમાવ્યા હતા. કેશુભાઈના અંગત જીવનની વાત કરીએ તો તેમણે લીલાબહેન સાથે લગ્ન કર્યા હતા. લગ્ન જીવન દરમિયાન તેઓ પાંચ પુત્ર અને એક પુત્રીના પિતા બન્યા હતા. કેશુભાઈનાં પત્ની



લીલાબેન પટેલ તેઓના ગાંધીનગર ખાતેના ઘરમાં એક્સરસાઈઝ રૂમમાં શોર્ટ સર્કિટ થતા વર્ષ ૨૦૦૬માં મૃત્યુ પામ્યા હતા. જ્યારે ૨૦૧૭માં પુત્ર પ્રવીણ પટેલનું નિધન થઈ ગયું હતું. જ્યારે ૨૦૧૮માં સંન્યાસી બની ગયા તેમની બીજા દીકરા જગદીશ પટેલનું હાર્ટ એટેકને કારણે અવસાન થયું હતું. પીઢ રાજકારણી કેશુભાઈ પટેલના અવસાન સાથે જ ગુજરાતના રાજકારણમાં એક પ્રકરણનો અંત આવ્યો છે. આમ તો કેશુબાપા ગુજરાતમાં ભાજપના પહેલા સીએમ હતા, પરંતુ બે વાર સીએમ બનવા છતાં તેઓ એકેયવાર પોતાની પાંચ વર્ષની ટર્મ પૂરી નહોતા કરી શક્યા. કેશુભાઈને એક વાર શંકરસિંહના બળવાને કારણે ૧૯૯૫માં રાજીનામું આપવું પડ્યું હતું, તો બીજીવાર ૨૦૦૧માં ભૂકંપમાં તેમની કામગીરી નબળી છે તેવો જોરશોરથી પ્રચાર થતાં દિલ્હીથી કેશુભાઈને ગાદી છોડવાનું ફરમાન કરાયું હતું, અને નરેન્દ્ર મોદીને સીએમ બનાવવામાં આવ્યા હતા.

૨૦૦૧માં જ્યારે કેશુભાઈને રાજીનામું આપવું પડ્યું હતું, ત્યારે તેમણે જાહેરમાં જ ઉદાસ ચહેરે સવાલ કર્યો હતો કે, 'મારો શું વાંક?' પરંતુ તે વખતે ભાજપના એકેય સિનિયર નેતા પાસે તેમના આ સીધાસાદા સવાલનો જવાબ નહોતો. સીએમની ખુરશી જતાં જ હાંસિયામાં ધકેલાઈ ગયેલા કેશુભાઈ પટેલે આખરે ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીના ટાણે જ તત્કાલિન સીએમ નરેન્દ્ર મોદી સામે બાંયો ચઢાવી હતી. ગુજરાતમાં ત્રીજા કોઈ રાજકીય પક્ષનો ગજ નથી વાગ્યો તે જાણતા હોવા છતાં કેશુબાપાએ ઓગષ્ટ ૨૦૧૨માં ગુજરાત પરિવર્તન પાર્ટીની સ્થાપના કરી હતી.

ભાજપને રામ-રામ કરીને ૮૩ વર્ષની જૈફ વયે કેશુબાપાએ ગુજરાતમાં ત્રીજો મોરચો ઉભો કરવાનો પ્રયાસ કરી મોદીને સીધો પડકાર ફેંક્યો હતો. તેમની સાથે તેમના જુના સાથીદાર ગોરધન ઝડફિયા, કાશીરામ રાણા અને પૂર્વ સીએમ સુરેશ મહેતા પણ જોડાયા હતા. વિધાનસભા ચૂંટણી ટાણે નવો પક્ષ સ્થાપનારા કેશુભાઈએ મોદી સરકાર સામે આક્ષેપો કરવામાં કશુંય બાકી નહોતું રાખ્યું. તેમણે ગુજરાતના વિકાસની વાતોને પોકળ ગણાવી હતી. ૮૩ વર્ષની વયે પણ તેઓ કોઈ યુવાનની માફક પ્રચાર કરતા હતા. કેશુભાઈ ૨૦૧૨માં થયેલી વિધાનસભા ચૂંટણીમાં વિસાવદર બેઠક પરથી લડી રહ્યા હતા. તેમની સામે કોંગ્રેસ અને એનસીપીએ ઉમેદવાર ઉભો કરવાનું ટાળ્યું હતું. આમ, તેમની સીધી ટક્કર ભાજપના ઉમેદવાર સામે હતી. જોકે, ચૂંટણીના પરિણામ આવ્યા ત્યારે જીપીપીનો કરુણ રકાસ થયો હતો.કેશુબાપાની પાર્ટીના મોટાભાગના ઉમેદવારોની ડિપોઝિટ ડૂલ થઈ ગઈ હતી, અને તેમનો પક્ષ માત્ર બે બેઠકો જ જીતી શક્યો હતો. જેમાં વિસાવદર બેઠક પરથી કેશુબાપા પોતે જીત્યા હતા, અને બીજી બેઠક ધારીની હતી, જેના પર નલિન કોટડિયાનો વિજય થયો હતો. આમ, સૌરાષ્ટ્ર બહાર જીપીપી એકેય બેઠક નહોતી જીતી શકી. જોકે, કેશુભાઈનો મોદી અને ભાજપ સામેનો આ બળવો લાંબો સમય નહોતો ચાલ્યો. ફેબ્રુઆરી ૨૦૧૪માં તેમણે ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દીધું હતું, અને પોતાની બે વર્ષ પહેલા સ્થપાયેલી પાર્ટી જીપીપીને ભાજપમાં ભેળવી દેવાની જાહેરાત કરી દીધી હતી. વિસાવદર બેઠક પર યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપે કેશુભાઈના દીકરા ભરત પટેલને ટિકિટ આપી કેશુબાપાને મનાવી લીધા હતા, અને આ પેટાચૂંટણીમાં ભરત પટેલની જીત પણ થઈ હતી. જીપીપી ભાજપમાં ભળી ગઈ ત્યારબાદ પણ ગોરધન ઝડફિયાએ મોદી વિરુદ્ધ પોતાની લડાઈ ચાલુ રાખી હતી. જોકે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણી ટાણે તેમણે પણ ભાજપમાં ઘર વાપસી કરી લીધી હતી. ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં કેશુબાપા મોદીનો વિજય રથ રોકવામાં નિષ્ફળ રહ્યા હતા. જોકે, મોદી જ્યારે આ ચૂંટણીમાં વધુ એક જીત બાદ ચોથીવાર ગુજરાતના સીએમ બન્યા ત્યારે તેમણે હંમેશાની માફક ફરી કેશુભાઈના આશિર્વાદ લેવા પહોંચીને લોકોને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. કેશુબાપાએ પણ મતભેદો ભૂલી મોદીનું મોઢું મીઠું કરાવી આશિર્વાદ આપ્યા હતા. મોદી ૨૦૧૪ની ચૂંટણી જીત્યા બાદ પીએમ બન્યા ત્યારે પણ તેઓ કેશુબાપાના આશિર્વાદ લેવા માટે આવ્યા હતા. ગુજરાતના રાજકારણમાં અનેક ચઢાવ-ઉતાર આવતા રહ્યા છે. જોકે, કેશુભાઈને જે સંજોગોમાં બે-બે વાર સત્તા છોડવાની ફરજ પડી તેવું ભાગ્યે જ કોઈ સીએમ સાથે થયું છે. સૌરાષ્ટ્રમાં પાટીદાર વોટબેંક પર કેશુભાઈ મજબૂત પકડ ધરાવતા હતા, પરંતુ તેમ છતાંય તેઓ ૨૦૧૨માં ત્રીજો વિકલ્પ ઉભો કરીને પણ કોઈ પડકાર સર્જી નહોતા શક્યા.

ગુજરાતના રાજકારણના ભીષ્મ પિતામહ કહેવાતા કેશુભાઈ પટેલના નિધનથી ગુજરાતમાં મોટો રાજકીય ભૂકંપ સર્જાયો છે. તો સાથે જ એક શૂન્યવકાશ પણ સર્જાયો છે. જનસંઘથી લઈને ભાજપના મૂળિયા રાજકારણમાં ઊંડા ઉતારવામાં કેશુબાપાનો મોટો ફાળો છે. ભાજપના લાખો કાર્યકર્તાઓનો હાથ પકડીને તેઓએ રાજનીતિમા ચાલતા શીખવાડ્યા હતા. ગુજરાતે એક અઠવાડિયાના ગાળામાં ત્રણ દિગ્ગજ મહાનુભાવોને ગુમાવ્યા છે. મહેશ અને નરેશ કનોડિયા જેવા દિગ્ગજ કલાકારો બાદ કેશુભાઈ પટેલનું નિધન ગુજરાત માટે મોટી ખોટ સાબિત થઈ છે. કેશુભાઈને રાજકીય કારકિર્દીને વેગ આપવામાં માં બે ઘટનાઓ બહુ જ મહત્વની ગણાય છે.

**પહેલી ઘટના**

કેશુભાઈની કર્મભૂમિ રાજકોટ રહી હતી. પરિવારમા ખેતીની આવક બહુ જ નબળી હતી. તેથી તેઓએ મોરબીમાં લોટ દળવાની ઘંટી શરૂ કરી હતી. મોરબીમાં મચ્છુ ડેમ બંધાતો હતો, ત્યારે લોટ દળવાની ઘંટી નાંખીને તેઓએ તેમાંથી થોડી આવક રળી લીધી હતી. તેના બાદ તેઓ આરએસએસમાં જોડાયા હતા. સંઘ પ્રચારના સ્વંયસેવક તરીકે ગામડે ગામડે સાઈકલ લઈને ફરતા હતા. પ્રચાર કરવામાં તેઓએ કોઈ કચાશ બાકી ન રાખી. પરંતુ ૧૯૬૦ના દાયકામાં બનેલી એક ઘટના તેમને રાજકીય સ્તરે અમદાવાદ સુધી લઈ જવામાં મોટુ કારણ બની હતી. રાજકોટમાં એક સમયે લાલિયો નામના ગુંડાની ધાક હતી. આ ગુંડો લોકોને પરેશાન કરતો હતો અને તેમની પાસેથી હપ્તો ઉઘરાવતો હતો. ત્યારે કેશુભાઈએ ભર બજારમા તેને માર માર્યો હતો. ત્યાંથી તેમનો નેતા તરીકેનો સિક્કો પડી ગયો હતો. કેશુબાપાએ જાહેરમા તેની ધોલાઈ કરી હતી.

જનસંઘથી પક્ષ સાથે સંકળાયેલા હતા. સૌરાષ્ટ્રના નેતા તરીકેની છાપ લાલિયાની ઘટના બાદ ઉભરી હતી. ત્યાર બાદ રાજકોટમાં આ દરમિયાન તેઓએ દૂધની ડેરી શરૂ કરી હતી. પછી ૧૯૮૦ થી ભાજપના ટોચના નેતા તરીકે રાજ્ય સ્તરે ગણતરી થવા લાગી.

**બીજી ઘટના**

અમદાવાદમા એક સમયે લતિફ નામના ગુંડાની ધાક હતી. ત્યારે અમદાવાદના દરિયાપુર, પોપટીયા વાર્ડ, જોર્ડન રોડ વગેરે વિસ્તારોમાં હિન્દુઓ તો ઠીક, પોલીસ પણ જઈ શક્તી ન હતી, ત્યાં લતિફની દાદાગીરી સામે કેશુભાઈએ અવાજ ઉઠાવ્યો, એટલુ જ નહિ લતીફના ગઢ સમાન પોપટીયા વાર્ડમાં લોકદરબારનો જાહેર કાર્યક્રમ યોજ્યો હતો. તેનાથી નીડર અને હિમંતવાન નેતા તરીકેને છબી રાજ્યસ્તરે ઉભરી આવી. એ પછી સ્થાનિક ચૂંટણીઓમા તેઓએ લતિફને મુદો બનાવ્યો અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કબજો કરીને ઈતિહાસ સર્જ્યો હતો. એ જ સફળતા આજના ભાજપની મજબૂતી માટે કારણભૂત ગણાય છે.

૧૯૭૫ની સાલ ગુજરાતની રાજકીય પરિસ્થિતિમાં મહત્વનું ટર્નિંગ પૉઈન્ટ બની. પહેલીવાર ગાંધીનગરમાં જનતા મોરચાની બાબુભાઈ જશભાઈ પટેલના વડપણ હેઠળની સરકાર સરદાર પટેલ જન્મશતાબ્દી વર્ષમાં ૧૮મી જૂને સત્તારૂઢ બની.

યોગાનુયોગ કેશુભાઈ પટેલ વિધાનસભાની ચૂંટણીમાં વિજયી બનીને ગાંધીનગર પહોંચ્યા અને બાબુભાઈ જશભાઈ પટેલના મંત્રીમંડળમાં સિંચાઈ અને કૃષિવિભાગના મંત્રી બન્યા. આ પ્રધાનમંડળમાં કુલ ૧૮ સભ્યો હતા અને કૅબિનેટ મંત્રીની રેંકમાં ત્રીજા નંબરે કેશુભાઈ પટેલ સિંચાઈ અને ખેતીવિભાગના મંત્રી



તરીકે નિમાયા. બાબુભાઈ જશભાઈના મંત્રીમંડળમાં કેશુભાઈ સવદાસ પટેલ, મકરંદ ભાઈ અને હેમાબહેન ત્રણ મંત્રીઓ જનસંઘમાંથી હતાં. જનસંઘ ૧૯૭૫ પહેલાં ગુજરાતમાં નહિવત્ હતો. ભાજપ તરીકેના નવા અવતારમાં ચીમનભાઈ પટેલ સાથે મિશ્ર સરકાર રચવામાં સફળ થયો જેમાં કેશુભાઈ પટેલનું સ્થાન બીજા નંબરનું હતું અને તેઓ નર્મદા જળસંપત્તિવિભાગના મંત્રી હતા.



૧૪ માર્ચ ૧૯૯૫ના રોજ રાજયમાં પ્રથમ વખત ભાજપની સરકાર આવી. કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા અને ગૃહખાતાનો હવાલો પોતાની પાસે રાખ્યો.

'ગોકુળ ગ્રામ યોજના' એ ગ્રામવિકાસ માટે કેશુભાઈની જાહેર કરેલી યોજના છે. આ સરકાર પૂરો સમય રાજ્ય કરે તે સામે કોઈ અવરોધ ન હતો.

ભારતીય જનતા પક્ષ પાસે ૧૨૧ સભ્યો હતા પણ જેને કોઈ ન પહોંચે તેને પેટ પહોંચે એ ઉક્તિ મુજબ શંકરસિંહ વાઘેલાની આગેવાની હેઠળ ભાજપમાં બળવો થયો અને ૨૧ ઑક્ટોબર ૧૯૯૫ના રોજ કેશુભાઈ પટેલ મુખ્ય મંત્રીપદેથી રાજીનામું આપ્યું.

તેમના અનુગામી તરીકે સુરેશ મહેતાએ મુખ્ય મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના પીઢ નેતા કેશુભાઈ પટેલ નું ૯૨ વર્ષની વયે નિધન થયું છે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીમાં કેશુભાઈ પટેલનું ખૂબ મહત્ત્વનું યોગદાન રહ્યું છે. શ્વાસ લેવામાં તકલીફ ઊભી થયા બાદ આજે તેમને સારવાર માટે સ્ટર્લિંગ હૉસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમનું નિધન થયું હતું. હૉસ્પિટલ ખાતે જ તેમણે અંતિમ શ્વાસ લીધા છે. કેશુભાઈ પટેલનું ગુજરાતની રાજનીતિમાં બહુ મોટું યોગદાન રહ્યું છે. કેશુભાઈ પટેલ બે ટર્મ સુધી ગુજરાતના મુખ્યમંત્રી પદે રહી ચૂક્યા છે. કેશુભાઈ પટેલનું નિધન કાર્ડિયાક અરેસ્ટને કારણે થયું હતું. આ મામલે સ્ટાર્લિંગ હૉસ્પિટલના ચીફ મેડિકલ એડમિનિસ્ટ્રેટર ડૉક્ટર અક્ષયે જણાવ્યું હતું કે, તેઓને હૉસ્પિટલ લવાયા ત્યારે તેઓ બેભાન હતા. તેઓ ડાયાબિટીસ હાઈપર ટેન્શનથી પીડાતા હતા, ભૂતકાળમાં તેમનું હૃદયનું ઓપેરશન પણ થઈ ચૂક્યું છે. હૉસ્પિટલ ખાતે સતત એક કલાક સુધી તેમને બચાવવા માટે પ્રયાસ કરવામાં આવ્યો હતો.







